ભરતી નિયમોમાં વયમર્યાદા
નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૯-૯-૨૦૧૨

વંચાણે લીધાઃ- સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ-૨૦-૨૦૧૨ - સીઆરઆર-૧૧-૨૦૦૮-૨૮૨૩૨૩-ગ.૫, તા.૨૯-૯-૨૦૧૨

ઠરાવઃ-

સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલા તા૨૯-૯-૨૦૧૨ના જાહેરનામાથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૮(૯)માં ફેરફાર કરવામાં આવેલ છે તથા નિયમ-૮(૧૦) નવો ઉમેરવામાં આવેલ છે. આ જાહેરનામની જોગવાઇ મુજબઃ-

(૧) જે જગ્યાના ભરતી નિયમોમાં ફકત સ્નાતકની શૈક્ષણિક લાયકાતની જોગવાઇ હોય અને મહત્તમ વયમર્યાદા ૨૮ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૩૦ વર્ષની ગણાશે.

(૨) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા ઓછી શૈક્ષણિક લાયકાત એટલે કે ડીપ્લોમા, ધોરણ-૧૨ અથવા ધોરણ-૧૦ની શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવી હોય અને મહત્તમ વયમર્યાદા ૨૫ વર્ષ નિયત કરવામાં આવેલ હોય તેવી તમામ જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ વયમર્યાદા ૨૮ વર્ષની ગણાશે.

૨. વધુમાં નીચે મુજબની વિગતે ભરતી નિયમોમાં વયમર્યાદામાં સુધારો કરવા અંગેની દરખાસ્ત તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને કરવા સચિવાલયના તમામ વિભાગોને આથી સુચના આપવામાં આવે છે.

(૧) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા ઓછી શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય પરંતુ આવી શૈક્ષણિક લાયકાત સાથે અનુભવની જોગવાઇ નિયત કરવામાં આવેલ હોય અને જે તે જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ ૨૫

વર્ષ કરતા વધુ વયમર્યાદા નિયત કરવામાં આવેલ હોય તેવી જગ્યાના ભરતી નિયમોમાં વયમર્યાદા સુધારવા અંગેની દરખાસ્તો.

(૨) જે જગ્યાના ભરતી નિયમોમાં સ્નાતક કરતા વધુ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય અથવા સ્નાતકની શૈક્ષણિક લાયકાત સાથે અનુભવની જોગવાઇ નિયત કરવામાં આવેલ હોય અથવા સ્નાતક કરતા વધુ શૈક્ષણિક લાયકાત અને અનુભવની જોગવાઇ નિયત કરવામાં આવેલ હોય અને આવી જે તે જગ્યાના ભરતી નિયમોમાં મહત્તમ ૨૮ વર્ષ કરતા વધુ વયમર્યાદા નિયત કરવામાં આવેલ હોય તેવી જગ્યાના ભરતી નિયમોમાં વયમર્યાદા સુધારવા અંગેની દરખાસ્તો.

(3) એકટની જોગવાઇ હેઠળ મળેલ સત્તાની રૂએ જે જગ્યાના ભરતી નિયમો બનાવવામાં આવ્યા હોય તેવી જગ્યાના ભરતી નિયમોમાં વયમર્યાદા સુધારવા અંગેની દરખાસ્તો.

3. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮માં યોગ્ય સુધારા કરવા અંગેની દરખાસ્ત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તાત્કાલિક સામાન્ય વહીવટ વિભાગને કરવા પણ આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.વી.પવાર)
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

C:\HB\1-27-9-2012\tharav-17-9-12-g.5.doc